RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 12 * Date: 04.11.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ટ્રકમાં ઘૂસી ગઈ ટેમ્પો ટ્રાવેલર, ૧૫ લોકોના મોત



રાજસ્થાનના ફલોદી જિલ્લાના ભારતમાલા એક્સપ્રેસ વે પર રવિવારે (બીજી નવેમ્બર) મોડી સાંજે ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં જોધપુરના સૂરસાગરના લોકો બિકાનેર સ્થિત કોલાયત મંદિરમાં દર્શન કરી ટેમ્પો ટ્રાવેલરમાં પાછા ફરી રહ્યા હતા. હનુમાન સાગર ચાર રસ્તા નજીક પૂરપાટ ઝડપે ટેમ્પો ટ્રાવેલર રસ્તા પર ઊભા રહેલા ટ્રકની પાછળ ઘૂસી ગયો હતો. આ અકસ્માતમાં ૧૫થી વધુ લોકોનાં મોત નિપજ્યાં, જયારે અન્ય ૧૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા.ફલોદીના પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ કુંદન કંવરિયાએ અકસ્માતમાં માર્યા ગયેલા લોકો અંગે પુષ્ટી કરી હતી. તેમણે કહ્યું, 'આ અકસ્માતમાં ૧૫થી વધુ લોકોના ઘટનાસ્થળ પર જ મોત નિપજયાં હતા. ઈજાગ્રસ્તોને ઓસિયાં હોસ્પિટલ ખસેડાયા હતા, ત્યાંથી ગ્રીન કોરિડોર બનાવી જોધપુર રેફર કરાયા હતા.'

ફલોદીના ડીએસપી અચલસિંહ દેવડાએ કહ્યું કે, 'ટેમ્પો ટ્રાવેલર અને ટ્રક વચ્ચે અકસ્માત એટલો ભયાનક હતો કે ટેમ્પો ટ્રાવેલરનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અનેક શબ ટેમ્પો ટ્રાવેલરની સીટો અને લોખંડના પાઈપો વચ્ચે ફસાઈ ગયા હતા. આ મૃતદેહોને બહાર કાઢવામાં પોલીસ અને સ્થાનિક લોકોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.' અકસ્માતની જાણ થતાં રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શરમાએ સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે 'ઠ' પર પોસ્ટ કરીને લખ્યું 'ફલોદીના મતોડા ક્ષેત્રમાં માર્ગ દુર્ઘટનામાં થયેલી જાનહાનિ અત્યંત દુઃખદ છે. મારી સંવેદનાઓ શોકાકુલ પરિવારજનો સાથે છે. જિલ્લા તંત્રના અધિકારીઓને બધા જ ઘાયલોની યોગ્ય સારવાર કરાવવા માટે નિર્દેશ આપી દેવાયા છે. પ્રભુને પ્રાર્થના છે કે દિવંગત આત્માઓને શાંતિ આપે તથા ઈજાગ્રસ્તોને ઝડપથી સાજા કરે.'

## ન્યૂયોર્કમાં ટ્રમ્પ પર ભારે પડ્યા મમદાની! શહેરને પહેલા મુસ્લિમ મેયર મળે તેવી શક્યતા




અમેરિકાના ન્યૂયોર્કમાં ૪ નવેમ્બરે મંગળવારના રોજ યોજાનારી મેયરની ચૂંટણી પર સમગ્ર વિશ્વની નજર છે. તમામના મનમાં એક જ સવાલ છે કે, શું ચૂંટણી જીતવાની રેસમાં સૌથી આગળ ચાલી રહેલા ભારતીય મૂળના જોહરાન મમદાની એક ઈતિહાસ રચશે કે કેમ? આ ચૂંટણીમાં ત્રિકોણીય મુકાબલો છે- એક યુવા વામપંથી નેતા, આરોપી પૂર્વ ગર્વનર અને એક રિપબ્લિકન નેતા (જેને લોકો બહારનો વ્યક્તિ ગણી અવગણી રહ્યા છે).જોહરાન મમદાની ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર છે, તેઓએ જૂનમાં પાર્ટીની પ્રાથમિક ચૂંટણીમાં ચોંકાવનારી જીત મેળવી હતી. તેની પહેલાં તેમને ભાગ્યે જ કોઈ ઓળખતું હતું. પરંતુ આજે તે મેયર બનવા માટે સૌથી પ્રબળ ઉમેદવાર છે. યુગાંન્ડામાં જન્મેલા ૩૪ વર્ષીય મમદાની ભારતીય -અમેરિકન ફિલ્મ ડાયરેક્ટર મીરાં નાયર અને યુગાન્ડાના ભારતીય મૂળના માર્ક્સવાદી વિદ્વાન મહમૂદ મમદાનીના પુત્ર છે. તે ૭ વર્ષની વયથી અમેરિકામાં રહે છે. અને ૨૦૧૮માં અમેરિકાની સિટીઝનશીપ મેળવી હતી.ચૂંટણી જીત્યા બાદ તે ન્યૂયોર્કના પ્રથમ મુસ્લિમ મેયર બનશે.

## નાઈજીરિયા પર અમેરિકાની એરસ્ટ્રાઈકની તૈયારી, ટ્રમ્પે કહ્યું- ત્યાં ખ્રિસ્તીઓની બેફામ હત્યા થઈ રહી છે



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નાઈજીરિયામાં ચાલી રહેલી હિંસાને લઈને ફરી એકવાર આકરો વલણ અપનાવ્યું છે. તેણે ચેતવણી આપી છે કે, જો આફ્રિકન દેશમાં ખ્રિસ્તીઓની હત્યાઓ બંધ નહી થાય, તો અમેરિકા ત્યાં એરસ્ટ્રાઈકની કરવા માટે તૈયાર છે. નોંધનીય છે કે, ટ્રમ્પે આ માટે રેડિકલ ઈસ્લામિસ્ટ તત્ત્વોને જવાબદાર ઠેરવ્યા છે, જેઓ આ સામૂહિક હત્યાકાંડ કરી રહ્યા છે.

મીડિયા સાથેની વાતચીતમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે નાઈજીરિયામાં ખ્રિસ્તી ધર્મ 'અસ્તિત્વના ખતરા'નો સામનો કરી રહ્યો છે. મેં યુદ્ધ વિભાગને શક્ય ઝડપી લશ્કરી કાર્યવાહી (ૈંજૈં ૠકિ છર્ૈંહ) માટે તૈયાર રહેવા સૂચના આપી દીધી છે. નાઈજીરિયામાં ખ્રિસ્તીઓની રેકોર્ડ સંખ્યામાં હત્યા થઈ રહી છે. તેઓ ખ્રિસ્તીઓને ખૂબ મોટી સંખ્યામાં મારી રહ્યા છે. અમે એવું થવા દઈશું નહી.'

અગાઉ, ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ' પર પોસ્ટ કરીને નાઈજીરીયાની સરકારને ચેતવણી આપી હતી. તેણે લખ્યું હતું કે, 'જો નાઈજીરિયામાં ખ્રિસ્તીઓની હત્યાની ઘટનાઓ યથાવત્ રહેશે, તો યુનાઈટેડ સ્ટેટ્સ તાત્કાલિક નાઈજીરીયાને આપવામાં આવતી બધી સહાય બંધ કરશે. આ ભયાનક અત્યાચારો કરનારા ઈસ્લામિક આતંકવાદીઓને સંપૂર્ણપણે ખતમ કરવા માટે સેના મોકલવામાં આવશે. હું મારા યુદ્ધ વિભાગને શક્ય કાર્યવાહી માટે તૈયાર રહેવા સૂચના આપી રહ્યો છું. જો અમે હુમલો કરીશું, તો તે ભયાનક હશે.'નાઈજીરીયાની સરકારે આ મામલે સત્તાવાર પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે, તે આતંકવાદીઓ સામે લડવામાં અમેરિકાની મદદનું સ્વાગત કરશે.અહેવાલો અનુસાર, નાઈજીરિયામાં ધાર્મિક સંઘર્ષનો ઈતિહાસ વર્ષ ૧૦૫૦ના દાયકાથી શરૂ થયો છે. જો કે, વર્ષ ૨૦૦૯ પછી બોકો હરામ (ર્મં ૐંઙ્ઘિિદ્ધ) અને ફુલાની પશુપાલકો જેવા જૂથો કટ્ટરપંથી ઈસ્લામિક તત્ત્વોના નિશાન પર છે. વર્ષ ૨૦૦૯થી ખ્રિસ્તી વિરોધી હિંસામાં ૪૫,૦૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને હજારો ચર્ચોને તોડી પાડવામાં આવ્યા છે.

## કોલેજોના અધ્યાપકોને સ્ક્રિનિંગ ટેસ્ટમાં ૬૦ ગુણ આવે તો રિસર્ચ માટે ૧થી સાડા ત્રણ લાખ સુધીની સહાય મળશે



ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટીઓ અને કોલેજોમાં રિસર્ચ વધે તે માટે ૨૦૨૩-૨૪ના બજેટમાં નવી જોગવાઈ રૂપે રિસર્ચ ફેલોશિપ-આર્થિક સહાયની બાબત ઉમેરાઈ હતી. જેના ઠરાવમાં સરકારે કેટલાક મહત્ત્વના ફેરફારો કર્યા છે અને જેમાં ખાસ કરીને અગાઉ સમાનપણે ૩ લાખ રૂપિયા સુધીની આર્થિક સહાય અપાતી હતી. પરંતુ જેમાં સરકારે સુધારો કરીને હવે જુદી જુદી કેટેગરી પાડી છે અને જેમાં સાયન્સ અને ટેકનોલોજીના રિસર્ચ માટે ૩.૫ લાખ, તથા કોમર્સ અને આર્ટસના વિષયોમાં રિસર્ચ પ્રોજેક્ટ માટે બે લાખ તેમજ ભાષાના વિષયોમાં રિસર્ચ માટે એક લાખ રૂપિયા નક્કી કરાયા છે. જો કે, નવા ઠરાવમા પણ સરકારે સ્ક્રિનિંગ ટેસ્ટનો ક્રાઈટેરિયા મુક્યો છે અને હવે એકથી બે વર્ષના મેજર-માઈનર રિસર્ચ પ્રોજેક્ટમાં રિસર્ચ ઈવેલ્યુશનમાં ૧૦૦માંથી ૬૦ ગુણ લાવવા પડશે તો જ સહાય મળશે.

સરકારના શિક્ષણ વિભાગ દ્વાર રિસર્ચ એઈડ ફોર ફેકલ્ટી અને રિસર્ચ ફેલોશિપ સ્કીમના ઠરાવની જોગવાઈઓમાં સુધારા કર્યા છે. જેમાં ખાસ કરીને અગાઉ જે માત્ર ઉચ્ચ શિક્ષણનો ઉલ્લેખ હતો તેના બદલે ઉચ્ચ-ટેકનિકલ શિક્ષણનો સમાવેશ કરાયો છે. ઉપરાંત પ્રાધ્યાપક કે અધ્યાપકના સ્થાને આચાર્ય, પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક, અધ્યાપક, ગ્રંથપાલ તેમજ ફીઝિકલટ્રેનિંગ ઈન્સ્ટ્રકચર સહિતના તમામનો સમાવેશ કરાયો છે. હવે વધુ સંખ્યામાં રિસર્ચ સહાય-ફેલોશિપ માટે અરજીઓ થશે અને વધુ લોકોને સહાય મળી શકશે. સરકારે નવા ઠરાવમા પણ સબ્જેક્ટ એક્સપર્ટ કમિટી દ્વારા સ્ક્રિનિંગ ટેસ્ટની જોગવાઈ કરી છે. જેમાં ઈવેલ્યુશનનના ૨૦, રિસર્ચ કવેશ્ચનના ૨૦, સર્વેના ૨૦ તથા રિસર્ચ મેથોડોલોજીના ૩૦ તથા રિસર્ચનું રિઝલ્ટ-તારણોના ૩૦ સહિત કુલ ૧૦૦ ગુણ નક્કી કર્યા છે. કેસીજી દ્વારા મુકવામા આવનારી સબ્જેક્ટ એક્સપર્ટ કમિટી તમામ બાબતોનું સ્ક્રિનિંગ કરશે અને જે અધ્યાપક, આચાર્ય કે ગ્રંથપાલ કે રિસર્ચરને ૬૦ ગુણ મળ્યા હશે, તેને જ રિસર્ચ ગ્રાન્ટ-ફેલોશિપ મળશે.

આ ઉપરાંત સરકારે નવા ઠરાવમાં જુદી જુદી કેટેગરી કરી નાખી છે. અગાઉ નેશનલ, ઈન્ટરનેશનલ અને સ્ટેટ લેવલ ત્રણે કેટગરી હતી. રિસર્ચમાં મેજર અને માઈનર એમ બે વિભાગમાં અધ્યાપક-પ્રાધ્યાપકને ૩ લાખ સુધીની ગ્રાન્ટ અપાતી હતી. હવે સરકારે મેજર રિસર્ચ પ્રોજેક્ટમાં એગ્રીકલ્ચર, બાયો કે મિસ્ટ્રી, બાયોટેકનોલોજી, કેમિકલ ઈનજનેરી, કેમિસ્ટ્રી, સિવિલ ઈજનેરી, કમ્પ્યુટર ઈજનેરી, તથી એન્વાયરોમેન્ટ સાયન્સ સહિતના વિવિધ સાયન્સ અને ટેકનોલોજીના વિષયોમાં બે વર્ષના રિસર્ચ માટે ૩.૫૦ લાખ રૂપિયા સહાય નક્કી કરી છે. આ એ કેટેગરીમાં કુલ ૨૦ વિષયો છે.કેટેગરી બીમાં કોમર્સ, ઈકોનોમિક્સ, એકાઉનટ્ એજ્યુકેશન, જીઓલોજી, જીઓગ્રાફી ,જર્નાલિઝમ તેમજ હિસ્ટ્રી સહિતના ફિલ્ડવર્ક-ડેટા આધારીત રિસર્ચમાં બે લાખ રૂપિયા ગ્રાન્ટ અપાશે. આ કેટેગરીમાં ૨૩ વિષયો છે. આ ઉપરાંત ત્રીજી સી કેટગરીમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત સહિતના ભાષાના વિષયોમાં રિસર્ચ માટે એક લાખની ગ્રાન્ટ મળશે. આમ ત્રણેય કેટેગરીમાં મેજર રિસર્ચ પ્રોજેક્ટ માટે કુલ ૪૭ વિષયોમાં ૧.૨૦ લાખ અને ૪૭ વિષયોમાં માઈનર રિસર્ચ પ્રોજેક્ટ માટે ૫૦ હજારથી ૧.૭૫ લાખ રૂપિયા સહિત કુલ ૬૦ લાખ સાથે ૧.૮૦ કરોડ રૂપિયા અપાશે.

## વિશ્વના પ્રદૂષિત ૪૦ શહેરો માત્ર ભારતનાં જ, આ છે સ્વચ્છ ભારત



નવી દિલ્હી: એક ચોંકાવનારા ખુલાસામાં ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી વિશ્વના ચાલીસ સૌથી પ્રદૂષિત શહેરોમાં પ્રત્યેક ભારતના હતા, જે દેશમાં ગંભીર બની રહેલા વાયુ ગુણવત્તા સંકટનો નિર્દેશ કરે છે. ઉત્સર્જન પર નિયંત્રણ મુકવાના પ્રયાસો છતાં ૧ નવેમ્બરના બપોરે ૨.૩૦ કલાક સુધી નોંધાયેલા વાયુ ગુણવત્તા સૂચકાંક (એક્યુઆઈ) અનુસાર વિશ્વના સૌથી ૩૫ પ્રદૂષિત શહેર ભારતના હતા, જેનાથી પ્રદૂષણની સમસ્યાની ગંભીરતા ઉજાગર થઈ જે હવે દિલ્હી અને મુંબઈની ઘણી આગળ નીકળી ગઈ છે. આ સ્થિતિ દર્શાવે છે કે પ્રદુષણ કેવા નાના ઉત્તરીય શહેરોમાં પ્રવેશ કરી ચુક્યું છે, જ્યાં એક્યુઆઈનું સ્તર ગંભીર અને ખતરનાક શ્રેણીમાં પ્રવેશ કરી ગયું છે.અહેવાલની આશ્ચર્યજનક બાબત હતી લાંબા સમયથી ધૂમ્મસ અને ઝેરી હવાનો પર્યાય બની ગયેલું દિલ્હી વૈશ્વિક પ્રદૂષણ ચાર્ટમાં ૧૩માં સ્થાને આવી ગયું હતું. જો કે દિલ્હીની રેન્કિંગ ભલે નીચે ઉતરી હોય, તેની વાયુ ગુણવત્તા હજી પણ સરેરાશ એક્યુઆઈ ૪૧૨ના જોખમી સ્તરે રહેલી છે. રાજધાનીનું આકાશ ગાઢ ધૂમાડાથી છવાયેલું છે, જેનાથી દ્રશ્યતા ઓછી થઈ રહી છે અને જન સ્વાસ્થ્ય સામે જોખમ સર્જાઈ રહ્યું છે.રાજસ્થાનના શ્રી ગંગાનગર, હરિયાણાના સિવાની તેમજ પંજાબના અબોહર જેવા નાનકડા શહેર આ વખતે દિલ્હીથી પણ આગળ નીકળી ગયા જે સાબિત કરે છે કે પ્રદૂષણની સમસ્યા હવે શહેરો સુધી સીમિત નથી રહી, પણ ઉત્તરી મેદાનો તરફ પણ ફેલાઈ ચુકી છે. શ્રી ગંગાનગરમાં એક્યુઆઈ ૮૩૦ના જોખમી સ્તર સુધી પહોંચી ગઈ જયારે હરિયાણાના સિવાનીની એક્યુઆઈ ૬૪૪ રહી હતી.

નિષ્ણાંતોના મતે આ વ્યાપક પ્રદૂષણ અનેક પરસ્પર જોડાયેલા પરિબળોને આભારી છે જેમાં પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં પરાળી બાળવી, વાહનો અને ઉદ્યોગો દ્વારા ઉત્સર્જન તેમજ બાંધકામ અને રસ્તા પરની ધૂળ પ્રદૂષણના મુખ્ય કારણો રહ્યા છે. શિયાળાના પ્રારંભમાં ઓછું તાપમાન, ઘટેલું વાયુ મિશ્રણ અને સ્થિર પવન પ્રદૂષકોને સપાટી નજીક અટકાવે છે જેના કારણે નાનકડા નગરોમાં પણ વાયુ ગુણવત્તા કથળે છે. ઉપરાંત, ખેતરોમાં પરાળી બાળવાથી થતો ધૂમાડો નજીકના શહેરોમાં ફેલાય છે જેના કારણે પહેલેથી એકત્ર થયેલા પ્રદૂષકો (પીએમ૨.૫ અને પીએમ૧૦)માં વધારો થાય છે.

તંત્રી લેખ

## ખાદ્યતેલોમાં મિશ્ર હવામાન : વાવાઝોડાથી કૃષિને નુકસાન

મુંબઈ : મુંબઈ તેલિ-બિયાં બજારમાં આજે વિવિધ ખાદ્યતેલોના ભાવમાં બેતરફી સાંકડી વધઘટ દેખાઈ હતી. નવી માગ ધીમી હતી. અમેરિકા તથા ચીન વચ્ચે વેપાર વિષયક તણાવ હળવો થતાં તથા ચીન દ્વારા અમેરિકા ખાતેથી સોયાબીનની ઈમ્પોર્ટ ફરી શરૂ કરતાં અમેરિકાના કૃષી બજારોમાં સોયાબીનના ભાવ ઝડપી ઉછળતા જોવા મળ્યા હતા. ઘરઆંગણે સૌરાષ્ટ્ર- ગોંડલ ખાતે સિંગતેલના ભાવ વધી રૂ.૧૩૭૫થી ૧૪૦૦ રહ્યા હતા. જ્યારે ત્યાં કોટન વોશ્ડના ભાવ રૂ.૧૨૫૦ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૨૯૦થી ૧૨૯૫ રહ્યા હતા. મગફળીના ભાવ ગોંડલ ખાતે ૨૦ કિલોના જાતવાર રૂ.૯૫૦થી ૧૨૫૦ રહ્યા હતા જ્યારે રાજકોટ ખાતે ભાવ જાતવાર રૂ.૯૫૦થી ૧૧૭૫ રહ્યાના નિર્દેશો હતા.

દરમિયાન, ભારતમાં આયાત થતા વિવિધ ખાદ્યતેલોની ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે ઘટાડો કરતાં ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ઘટાડો થયો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. આવી ટેરીફ વેલ્યુ ક્રૂડ પામ ઓઈલમાં ૧૧૨૩ વાળા ૧૧૧૩ ડોલર કરવામાં આવી છે જ્યારે આરબીડી પામ ઓઈલની ૧૧૪૮થી ઘટી ૧૧૪૨ ડોલર તથા આરબીડી પામોલીનની ૧૧૫૨ વાળી ૧૧૪૮ ડોલર કરાઈ છે.

જોકે સોયાતેલની આવી ટેરીફ વેલ્યુ સરકારે ૧૧૮૭ ડોલરના મથાળે જાળવી રાખી હોવાના સમાચાર મળ્યા હતા. દરમિયાન, આંધ્રપ્રદેશ તથા તેલંગણામાં તાજેતરમાં ભારે વરસાદ તથા વાવાઝોડાના પગલે કોટન, ડાંગર, સોયાબીન તથા મકાઈના પાકને નોંધપાત્ર નુકસાન થયાના સમાચાર મળ્યા હતા.

# ’ભ્રષ્ટાચાર પર કોઈ દયા નહીં’: અરુણાચલના મુખ્યમંત્રીએ જમીન સંપાદન કૌભાંડની તપાસના આદેશ આપ્યા

અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ પુનરોચ્ચાર કર્યો કે રાજ્ય સરકાર દ્વારા કોઈપણ પ્રકારના ભ્રષ્ટાચારને સહન કરવામાં આવશે નહીં અને દોષિતો સામે જમીનના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

મુખ્યમંત્રી ફ્રન્ટીયર હાઈવેના લાડાથી સરલી ભાગ પર જમીન સંપાદન પ્રક્રિયામાં સરકારી ભંડોળના કથિત દુરુપયોગનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

શનિવારે પશ્ચિમ કામેંગ જિલ્લામાં ગ્રોંગ બુદ્ધ પાર્કના શિલાન્યાસ સમારોહ દરમિયાન એક જાહેર કાર્યક્રમમાં બોલતા, ખાંડુએ માહિતી આપી કે દિલ્હીથી પાછા ફર્યા પછી તેમને કથિત દુરુપયોગની જાણ થઈ અને તેમણે આરોપોની તપાસ માટે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો.

×મેં એ પણ નિર્દેશ આપ્યો છે કે, પ્રારંભિક અહેવાલના આધારે, ફિયાસ્કા માટે જવાબદાર તમામ લોકોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે જેથી મુક્ત અને ન્યાયી તપાસ થાય. સસ્પેન્શનના આદેશ એક કે બે દિવસમાં બહાર પાડવામાં આવશે,× તેમણે માહિતી આપી.

ખાંડુએ દુઃખ વ્યક્ત કર્યું કે ફ્રન્ટીયર હાઈવે રાજ્ય સરકારની ભારે મહેનતનું પરિણામ હતું, જેણે કેન્દ્ર સરકાર અને અન્ય હિસ્સેદારો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી, પરંતુ કેટલાક વ્યક્તિઓ પોતાના અંગત લાભ માટે બગાડ કરી રહ્યા હતા.

×અમે અગાઉ પણ આવા જ કિસ્સાઓ જોયા છે અને આવા પ્રથાઓ પ્રોજેક્ટના સમયસર પૂર્ણ થવા પર કેવી અસર કરે છે તેના સાક્ષી છીએ. દુર્ભાગ્યપૂર્ણ છે કે હવે આ ફ્રન્ટીયર હાઈવે પ્રોજેક્ટ, ખાસ કરીને લાડાથી સરલી સુધીના પટ્ટાને નુકસાન થશે. પૂછપરછ બાદ પૂછપરછ કરવામાં આવશે, પોલીસ તપાસ કરશે અને મામલો કોર્ટમાં જશે. આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ અને નિંદનીય છે,× તેમણે કહ્યું.

આને ‘બકવાસ કૃત્ય‘ ગણાવતા, ખાંડુએ ખાતરી આપી કે દોષિત ઠરનારાઓ - પછી ભલે તે કોઈપણ કક્ષાના સરકારી અધિકારી હોય કે જનતાના કોઈપણ સભ્ય - ને બક્ષવામાં આવશે નહીં.

મુખ્યમંત્રીએ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન પ્રક્રિયા મુક્ત, ન્યાયી અને પારદર્શક રીતે કોઈપણ અવરોધ વિના પૂર્ણ કરવા બદલ પશ્ચિમ કામેંગ વહીવટીતંત્રની પ્રશંસા કરી. તેમણે જિલ્લાના લોકોનો વહીવટને સહકાર આપવા બદલ આભાર માન્યો અને આશા વ્યક્ત કરી કે હાઈવે પસાર થઈ રહેલા અન્ય જિલ્લાઓ પશ્ચિમ કામેંગમાંથી પ્રેરણા લેશે.

દરમિયાન, તેમણે પશ્ચિમ કામેંગના લોકોને, ખાસ કરીને સિંગચુંગ વિસ્તારના લોકોને, ગ્રોંગ બુદ્ધ પાર્કના શિલાન્યાસ પર અભિનંદન આપ્યા, જે ભવિષ્યમાં એક પર્યટન સ્થળ બનશે, એમ તેમણે કહ્યું.

આધ્યાત્મિકતા સાથે સુમેળ સાધતા વિકાસના તેજસ્વી ઉદાહરણ તરીકે કલ્પના કરાયેલ ભવ્ય બુદ્ધ પાર્કમાં એક ભવ્ય બુદ્ધ પ્રતિમા, મઠ, સ્તૂપ, સંગ્રહાલય, જળાશય, ગેસ્ટ હાઉસ, હોસ્ટેલ બ્લોક, પુસ્તકાલય, કાફેટેરિયા, ઓફિસ, સ્વાગત કેન્દ્ર, પાર્કિંગ વિસ્તાર, કિઓસ્ક, આરામ કરવાની ઝૂંપડીઓ, બગીચો અને આંગણું હશે.

×એકવાર પૂર્ણ થયા પછી, તે વિશ્વાસ અને પ્રતિબિંબના શાંત કેન્દ્ર તરીકે સેવા આપશે જ્યારે પ્રદેશમાં પર્યટન, સ્થાનિક આજીવિકા અને સાંસ્કૃતિક સંરક્ષણને પણ પ્રોત્સાહન આપશે,× તેમણે ઉમેર્યું

મુખ્યમંત્રીએ આ પ્રસંગે ત્રણ નવી એપ્સ લોન્ચ કરી, એક પશ્ચિમ કામેંગ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અને બે જિલ્લા પોલીસ દ્વારા બનાવવામાં આવી છે. આ ‘યાકાટોપિયા એપ‘ છે, જે પ્રવાસનની સરળતા માટે ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડે છે, ‘સારા સ્પર્શ - ખરાબ સ્પર્શ‘ વિશે બાળકોને સંવેદનશીલ બનાવવા માટે ‘છૂ-મંતર એપ‘ અને માદક દ્રવ્યોના દુરૂપયોગથી પ્રભાવિત યુવાનોને ટેલિ-કાઉન્સેલિંગ અને જાગૃતિ પ્રદાન કરવા માટે ‘યોધા બંધુ એપ‘.

તેમણે સિંગચુંગ ખાતે એક નવા પોલીસ સ્ટેશન, ભાલુકપોંગ પોલીસ સ્ટેશનની નવી ઈમારત, સિંગચુન ખાતે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં એક નવા શૈક્ષણિક બ્લોક અને ત્રણ રોડ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કર્યું.

તેમણે જિલ્લામાં ૨૧ નવા પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો, આશા વ્યક્ત કરી કે ગુણવત્તા સાથે સમાધાન કર્યા વિના તમામ ૨૧ પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ થશે. ખાંડુ સાથે ગૃહમંત્રી મામા નાટુંગ, તવાંગ અને પશ્ચિમ કામેંગના પાંચેય ધારાસભ્યો, જેમાં યજમાન તેનઝિન ન્યામા ગ્લો પણ સામેલ હતા.

# પંચમહાલ ડેરીએ પંચામૃત દાણનો ભાવ ઘટાડ્યો, ૩ જિલ્લાના લોકોને મળશે લાભ

હાલ રાજ્યમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતો અને પશુપાલકોને થયેલા ભારે નુકસાનને ધ્યાનમાં રાખીને, પંચમહાલ ડેરીએ પશુપાલકો માટે એક મોટી રાહતની જાહેરાત કરી છે. પશુઓને ખવડાવવામાં આવતા પંચામૃત દાણના ભાવમાં પ્રતિકિલો દીઠ એક રૂપિયાનો ઘટાડો કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લાના મોરવા (રેણાં) વિસ્તારમાં ખેડૂતો સાથે પાક નુક્સાની અંગે એક બેઠક યોજાઈ હતી. જેમાં ખેડૂતો અને પશુપાલકોની રજૂઆત બાદ પંચમહાલ ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડે આ જાહેરાત કરી હતી.ઘાસચારાના નુકસાનને ધ્યાનમાં લેવાયો નિર્ણય

કમોસમી વરસાદના કારણે માત્ર ખેતીના પાકને જ નહીં, પરંતુ પશુઓના ઘાસચારાને પણ વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈને, પંચમહાલ ડેરી સંચાલિત પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના પશુપાલકો પાસેથી હવે પંચામૃત દાણના ભાવમાં પ્રતિકિલો દીઠ એક રૂપિયો ઓછો લેવામાં આવશે.

આ બાબતે મીડિયા સુત્રો થકી મળતી માહિતી અનુસાર, આ ભાવ ઘટાડાનો લાભ એકાદ-બે મહિના સુધી ત્રણેય જિલ્લાના હજારો પશુપાલકોને મળશે. દાણના ભાવમાં કરાયેલા આ ઘટાડાની જાહેરાતને પગલે પંચમહાલ, દાહોદ અને મહીસાગર એમ ત્રણેય જિલ્લાના હજારો પશુપાલકોને મળશે રાહત મળશે. આ નિર્ણયથી આર્થિક બોજ હેઠળ દબાયેલા પશુપાલકોને મોટો ટેકો મળશે.

# ’ઓપરેશન સિંદૂર’ દરમિયાન પીએમ મોદીએ અમને છૂટ આપી હતી: આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી

રીવા,

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું હતું કે ભારતના ઈતિહાસમાં પહેલીવાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સુરક્ષા કામગીરી દરમિયાન સશસ્ત્ર દળોને સંપૂર્ણ કાર્યકારી સ્વતંત્રતા આપવામાં આવી હતી. મધ્યપ્રદેશના રીવામાં ટીઆરએસ કોલેજ ખાતે એક કાર્યક્રમમાં બોલતા, જનરલ દ્વિવેદીએ ભાર મૂક્યો હતો કે આ નિર્ણાયક નેતૃત્વ અને દ્રષ્ટિની સ્પષ્ટતાએ સૈન્યને વ્યૂહરચનાઓને અસરકારક રીતે અમલમાં મૂકવા અને ઓપરેશન સિંદૂર હેઠળ ઐતિહાસિક વિજય પ્રાપ્ત કરવા સક્ષમ બનાવ્યું.

×ત્રીજો ‘સી‘ સ્પષ્ટતા છે. આપણા રાજકીય નેતૃત્વની વિચારસરણી સ્પષ્ટ હતી. તેમણે અમને સ્વતંત્રતા આપી. ઈતિહાસમાં એવું ક્યારેય બન્યું નથી કે વડા પ્રધાને દળોને આવી સ્વતંત્રતા આપી હોય,× તેમણે કહ્યું.



ઓપરેશન સિંદૂરઃ સાર્વભૌમત્વ અને શાંતિનું મિશન

જનરલ દ્વિવેદીએ ઓપરેશન સિંદૂરના સફળ અમલનું વર્ણન કરતા તેને માત્ર લશ્કરી વિજય જ નહીં પરંતુ ભારતની સાર્વભૌમત્વ, અખંડિતતા અને શાંતિને ફરીથી સ્થાપિત કરવાનું મિશન પણ ગણાવ્યું. તેમણે નોંધ્યું હતું કે વડા પ્રધાન મોદી પોતે જ આ ઓપરેશનનું નામકરણ કર્યું હતું. ×‘સિંદૂર‘ નામ ભારતીય સંસ્કૃતિ સાથે ઊંડો સંબંધ ધરાવે છે. જ્યારે પણ કોઈ માતા, બહેન કે પુત્રી સિંદૂર લગાવે છે, ત્યારે તેમના હાવભાવ દેશની સરહદ પર રક્ષા કરતા સૈનિક માટે પ્રાર્થનાનું પ્રતીક છે,× તેમણે ટિપ્પણી કરી, ઉમેર્યું કે આ ઓપરેશન સમગ્ર રાષ્ટ્ર અને ત્રણેય સશસ્ત્ર દળોને હેતુ અને ભાવનામાં એક કરે છે.

૩ સ્તંભોઃ હિંમત, આત્મવિશ્વાસ અને શાંતિ

દ્વિવેદીએ ત્રણ મુખ્ય સિદ્ધાંતો પર પ્રકાશ પાડ્યો જેણે સમગ્ર ઓપરેશન દરમિયાન સશસ્ત્ર દળોને માર્ગદર્શન આપ્યું - હિંમત, આત્મવિશ્વાસ અને શાંતિ. તેમણે તીવ્ર લડાઈ પરિસ્થિતિઓ દરમિયાન સેના, નૌકાદળ અને વાયુસેનાના નેતૃત્વના સહયોગ અને સામૂહિક સંયમની પ્રશંસા કરી. ×ત્રણેય દળોના વડાઓ શાંત અને આત્મવિશ્વાસપૂર્ણ રહ્યા. તે શાંતિએ ભારતના લોકોને ખાતરી આપી કે તેઓ સુરક્ષિત હાથમાં છે,× તેમણે કહ્યું. આર્મી ચીફે ખુલાસો કર્યો કે ભારતીય દળોએ વ્યૂહાત્મક ચોકસાઈ દ્વારા જોખમોને ઘટાડીને જોખમોને તટસ્થ કરવા માટે સરહદથી ૧૦૦ કિલોમીટર આગળ પણ આગળ વધ્યા.

નવા યુગના સુરક્ષા પડકારોને સ્વીકારતા

જનરલ દ્વિવેદીએ વધુને વધુ જટિલ વૈશ્વિક વાતાવરણમાં યુદ્ધના વિકસતા સ્વભાવ પર પણ સ્પર્શ કર્યો. તેમણે કહ્યું કે સાયબર, અવકાશ અને માહિતી યુદ્ધ જેવા પડકારો, આતંકવાદ અને સરહદી સંઘર્ષ જેવા પરંપરાગત જોખમોની સાથે, તકનીકી ચપળતા અને વ્યૂહાત્મક નવીનતાની માંગ કરે છે. ×પરિવર્તનની ગતિ એટલી ઝડપી છે કે જ્યારે તમે એક પડકારને સમજો છો, ત્યારે બીજો એક ઉભરી આવે છે,× તેમણે ઝડપથી વિકસતા વૈશ્વિક સુરક્ષા પરિદ્દશ્ય તરફ ધ્યાન દોર્યું.

જનરેશન ઢઃ ભારતની ભવિષ્યની તાકાત

વિદ્યાર્થીઓને સંબોધતા, જનરલ દ્વિવેદીએ જનરેશન ઢ ને ભારતના ભવિષ્યનું પ્રેરક બળ ગણાવ્યું. તેમણે યુવા ભારતીયો ડિજિટલ રીતે અસ્ખલિત, સામાજિક રીતે જાગૃત અને વૈશ્વિક સ્તરે જોડાયેલા હોવા બદલ પ્રશંસા કરી. ×ભારતમાં વિશ્વની સૌથી મોટી જનરેશન ઢ વસ્તી છે, અને તે આ પેઢી છે જે દેશની પ્રગતિને વેગ આપશે. શિસ્ત અને દિશા સાથે, તેઓ ભારતને એક ક્ષણમાં પેઢી દર પેઢી આગળ લઈ જઈ શકે છે,× તેમણે રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભાગીદારીના મહત્વ પર ભાર મૂકતા જાહેર કર્યું.

જનરલ દ્વિવેદીની ટિપ્પણીઓ રેખાંકિત કરે છે કે કેવી રીતે વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ અભૂતપૂર્વ રાજકીય સ્પષ્ટતા, કાર્યકારી સ્વતંત્રતા અને લશ્કરી તાલમેલએ ઓપરેશન સિંદૂરને ભારતના સંરક્ષણ ઈતિહાસમાં એક નિર્ણાયક પ્રકરણમાં પરિવર્તિત કર્યું.

# દેશનું ફોરેક્સ રિઝર્વ ૬.૭૨૫ અબજ ડોલર ઘટ્યું, ગોલ્ડ-ફોરેન કરન્સી એસેટ્સમાં ઘટાડાનું પરિણામ

ભારતનું ફોરેક્સ રિઝર્વ આ ગત સપ્તાહમાં ૬.૯૨૫ અબજ ડોલર ઘટી ૬૯૫.૩૫૫ અબજ ડોલર થયું છે. જોકે, તે સપ્ટેમ્બર ૨૦૨૪માં ૭૦૪.૮૯ અબજ ડોલરના રેકોર્ડ સ્તર નજીક સ્થાન જાળવી રાખ્યું છે. આ ઘટાડો ફોરેન એસેટ્સ અને ગોલ્ડ રિઝર્વમાં ઘટાડાને કારણે નોંધાયો છે. આરબીઆઈએ જણાવ્યું કે, વર્તમાન રિઝર્વ ૧૧ માસની આયાતને કવર કરી શકે છે. ભારતનું ફોરેક્સ રિઝર્વ ગત સપ્તાહે ૬.૯૨૫ અબજ ડોલર ઘટ્યું છે. આરબીઆઈના તાજેતરના



વીકલી સ્ટેટિસ્ટિકલ સપ્લિમેન્ટ રિપોર્ટ અનુસાર, ૨૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પૂર્ણ થતાં સપ્તાહમાં દેશની કુલ રિઝર્વ ઘટી તાજેતરના ૬૯૫.૩૫૫ અબજ ડોલર થયું હતું. આરબીઆઈ રિપોર્ટ અનુસાર, ફોરેક્સ રિઝર્વનો અત્યંત મહત્ત્વનો ભાગ ફોરેન કરન્સી એસેટ્સ છે. જે ઘટી ૫૬૬.૫૪૮ અબજ ડોલર થયુ હતું. તેમાં ૩.૮૬૨ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો હતો. ગોલ્ડ રિઝર્વ પણ ૩.૦૧૦ અબજ ડોલર ઘટી ૧૦૫.૫૩૬ અબજ ડોલર થયુ હતું. આ ઘટાડો વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા અને સોના માટે રોકાણકારોની માંગમાં વધારો થવાને કારણે નોંધાયો હતો.

ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો નોંધાયો હોવા છતાં હજી પણ સ્થિર અને મજબૂત સ્થિતિમાં છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ હાલમાં જણાવ્યું હતું કે, ભારતનું ફોરેક્સ રિઝર્વ ૧૧ માસથી વધુ આયાતને કવર કરવા માટે પર્યાપ્ત છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા ફોરેન કરન્સી માર્કેટમાં દરમિયાનગિરી કરતાં રૂપિયાનું મૂલ્ય સ્થિર રાખવા માટે ડોલરની ખરીદ-વેચાણની રણનીતિ અપનાવી શકે છે.ફોરેક્સ રિઝર્વ ૨૦૨૪માં ૨૦ અબજ ડોલરથી વધ્યું હતું. જ્યારે ૨૦૨૩માં તેમાં ૫૮ અબજ ડોલરનો વધારો જોવા મળ્યો હતો. જો કે, ૨૦૨૨માં તેમાં ૭૧ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો હતો. વર્તમાન વર્ષ ૨૦૨૫માં કુલ ૪૬ અબજ ડોલરની વૃદ્ધિ જોવા મળી છે. જે ભારતની ફોરેક્સ રિઝર્વની સ્થિતિની મજબૂતી દર્શાવે છે.

# આધાર અપડેટ કરવું થયું સરળ, હવે ઓનલાઈન બદલી શકશો નામ, જન્મતારીખ અને મોબાઈલ નંબર

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા(ઁઢછૈં)એ બાળકોના આધાર કાર્ડ પર બાયોમેટ્રિક અપડેટ માટે રૂ.૧૨૫ ફી માફ કરી દીધી છે. આ ફી એક વર્ષ માટે માફી કરવામાં આવી છે. પુખ્ત વયના લોકો માટે, નામ, જન્મ તારીખ, સરનામું અથવા મોબાઈલ નંબર અપડેટ કરવા માટે ૭૫ ખર્ચ થાય છે, અને ફિંગરપ્રિન્ટ અને આઈરિસ સ્કેન જેવી બાયોમેટ્રિક વિગતો અપડેટ કરવા માટે ૧૨૫ ખર્ચ થાય છે. પુખ્ત વયની વ્યક્તિઓએ આ ચાર્જ ચૂકવવો પડશે.નવેમ્બરની શરૂઆત સાથે, સામાન્ય નાગરિકોને લગતા નિયમોમાં ઘણા ફેરફારો અમલમાં આવ્યા છે. સરકાર દ્વારા રજૂ કરાયેલા નવા નિયમોની સીધી અસર સામાન્ય લોકો પર પડશે. આ ફેરફારો મુખ્યત્વે બેંકિંગ અને આધાર સંબંધિત નિયમોને લગતા છે.ઁઢછૈં (યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા) ૧ નવેમ્બરથી કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારો લાગુ કરી રહી છે.

આ ફેરફારો હેઠળ, આધાર કાર્ડ ધારકો હવે કોઈપણ સમયે તેમનું નામ, મોબાઈલ નંબર, જન્મ તારીખ અને સરનામું બદલી શકે છે. આ ફેરફારો કરવા માટે હવે આધાર કેન્દ્રની મુલાકાત લેવાની જરૂર રહેશે નહીં. નવા નિયમો હેઠળ, તમે આ ફેરફારો ગમે ત્યાંથી ઑનલાઈન કરી શકો છો.ઁઢછૈં એ મુખ્યત્વે આધાર સંબંધિત ત્રણ ફેરફારો કર્યા છે, જેનો હેતુ આધાર સંબંધિત સેવાઓની ઝડપી અને સરળ ઍક્સેસ પ્રદાન કરવાનો છે.

યુઆઈડીએઆઈ તરફથી માહિતી આપવામાં આવી છે કે, આધાર સેવાઓની ફીમાં ફેરફાર કરાયા છે. બાયોમેટ્રિક અપડેટ એટલે ફિંગરપ્રિન્ટ, આઈરિસ અથવા ફોટો અપડેટ કરવા માટે હવે ૧૨૫ રૂપિયાની ચૂકવણી કરવાની રહેશે. જે અગાઉ ૧૦૦ રૂપિયા ફી હતી.

ત્યારે ડેમોગ્રાફિક અપડેટ માટે ૭૫ રૂપિયા ફી વસૂલવામાં આવશે. ડેમોગ્રાફિક અપડેટ હેઠળ આધાર કાર્ડ હોલ્ડરનું નામ, સરનામું, જન્મતારીખ, મોબાઈલ નંબર સહિતની માહિતી બદલવામાં આવે છે. યુઆઈડીએઆઈ તરફથી આ ફેરફાર માટે પહેલા ૫૦ રૂપિયા લેવામાં આવતા હતા.

પહેલી નવેમ્બરથી જ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના નવા રજિસ્ટ્રેશન લેવા માટે અરજી કરનારાઓને અરજી કર્યાની તારીખ પછીના કામકાજના ત્રણ જ દિવસમાં રજિસ્ટ્રેશન આપી દેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. તેમાં ઓછા જોખમવાળા જીએસટી રજિસ્ટ્રેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે. મહિનાની રૂ. ૨.૫ લાખથી વધુની ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેવાની ન હોય તેમને ઓછા જોખમી રજિસ્ટ્રેશનની કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે. આ રજિસ્ટ્રેશન આપવામાં કોઈપણ પ્રકારની માનવીય દખલગીરી કરવામાં આવશે નહિ. માનવીય દખલગીરી વિના આજે પહેલા જ દિવસે ૪૫ મિનિટથી ઓછા સમયમાં અમદાવાદમાં જીએસટી નંબર એલોટ કરી દેવામાં આવ્યો હોવાનો કિસ્સો બન્યો છે. પહેલી નવેમ્બરથી ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેવા માટે આધાર ઓથેન્ટિકેશન પણ ફરજિયાત બનાવી દેવામાં આવ્યું છે. આ વ્યવસ્થા કરવા પાછળનો મૂળભૂત હેતુ જીએસટી રજિસ્ટ્રેશનની પ્રક્રિયાને પેપરલેસ, ઓટોમેટેડ (આપોઆપ થઈ જતી પ્રક્રિયા) અને પારદર્શક પ્રક્રિયામાં રૂપાંતરિત કરવાનો છે.

પહેલી નવેમ્બરથી જ બેંક ખાતેદારે તેમના બેન્ક એકાઉન્ટ એક જ ખાતા, લોકર અથવા સલામત કસ્ટડી વસ્તુ માટે ચાર લોકોને નોમિનેટ કરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ નિયમનો હેતુ પરિવારો માટે કટોકટીના સમયે ભંડોળ મેળવવાનું સરળ બનાવવા અને માલિકી અંગેના વિવાદોને ટાળવાનો છે. ગ્રાહકો માટે નોમિની ઉમેરવા અથવા બદલવાની પ્રક્રિયા પણ સરળ બનાવવામાં આવી છે.

આજથી જ એસબીઆઈના કાર્ડના વપરાશકર્તાઓએ ક્રેડ અને મોબીક્વિક જેવી થર્ડ પાર્ટી એપ્લિકેશનો મારફતે કરવામાં આવતી શિક્ષણ સંબંધિત નાણાંકીય ચુકવણીઓ પર ૧ ટકા ફી ચૂકવવી પડશે. તદુપરાંત એસબીઆઈ કાર્ડનો ઉપયોગ કરીને ડિજિટલ વોલેટમાં ૧,૦૦૦ થી વધુ જમા રાખવા માટેની પ્રક્રિયા કરવા પર એક ટકાના દરે ફી વસલવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના તમામ નિવૃત્ત કર્મચારીઓએ નવેમ્બરના અંત સુધીમાં તેમનું વાષક જીવન પ્રમાણપત્ર સબમિટ કરવું આવશ્યક છે. બેંક શાખામાં અથવા આનલાઈન જીવન પ્રમાણ પોર્ટલના માધ્યમથી મોકલી શકાય છે. હયાતીનું પ્રમાણપત્ર આપવાની ૩૦મી નવેમ્બરની સમયમર્યાદા ચૂકી જનારાઓને પેન્શન મળવામાં વિલંબ થવાની સંભાવના છે. તેમ જ તેમનું પેન્શન હયાતી સર્ટિફિકેટ અપડેટ ન કરે ત્યાં સુધી બંધ કરી દેવામાં આવે તેવી સંભાવના રહેલી છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ જે નેશનલ પેન્શન સ્કીમથી યુનિફાઈડ પેન્શન સ્કીમમાં પોતાના રોકાણને લઈ જવાની માગણીના અનુસંધાનમાં તેમને આ ફેરફાર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૩૦ નવેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો છે. કર્મચારીઓને વિચારીને નિર્ણય લેવા માટે આ વિકલ્પ આપવામાં આવ્યો છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGS NO: 375**
વિષય : નિષ્કપટ હાસ્યનું મૂલ્ય
શીર્ષક : સ્મિત, હાસ્ય અને આનંદ
પ્રકાર : પદ્ય , હાઈકુ  શબ્દો :  ૩૫

સૌમ્ય ચહેરો,
યાદોનું સરોવર,
પડે વમળો.

દૂધનો થાળ,
ગુલાબી પાંખડીઓ,
વરસે સ્મિત.

ઝાકળબિંદુ,
સ્પર્શતાં મૃદુલતા,
ખિલખિલાટ.

વિસ્ફોટ થયો,
નાનો દીવડો બળે,
લાઈટ આવી.

ઓઢ્યો ફુગ્ગાને,
રાતું થયું જગત,
નિર્દોષ હાસ્ય.

ભારતવાસી,
ઝળહળે જગમાં,
દેશ આનંદે.

—જાગૃતિ દોશી, મોક્ષા ( બોસ્ટન, અમેરિકા)

★★★★★★★

**NOG SS  NO. 0185**
વિષય: ‘‘એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય’’
શીર્ષક : હાસ્યનું સુખ
પ્રકાર :  પદ્ય (કાવ્ય )  - શબ્દો : ૧૧૮

દિનચર્યામાં હસતું મુખડું, ચેતના નવી જગાવીને સુખને પમાડે,
જીવનક્ષેત્રે નજર માંડો તો, એક નિષ્કપટ હાસ્ય રંગોને પમાડે,

મા-બાપનાં ભારણનો ભાર ઘટાડે, બાળકનું નિખાલસ હાસ્ય,
એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય, બાળ સમજાવતો નિર્દોષ હાસ્યે,

બાળ હાસ્યમાં ના દંભ ને છળકપટ,  મુખ નિર્દોષતાએ વર્તાય,
સંદેશ આપે સૌને બાળ, છે હાસ્ય જીવનની સંજીવની વર્તાય,

ઘરમાં એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય,  સંયુક્ત પ્રેમને સૌ સમજે,
ભાવવિભોર બની જીવનમાં,  સંપ પ્રાગટ્યને અંતરે સૌ સમજે,
હાસ્યથી તંદુરસ્તી રોજ જળવાય, સર્વે રોગોને ભગાડે હાસ્ય,
સંવેદનાઓ થાય પુલકિત, ને સર્વે દુઃખો ભાગે પ્રકૃતિનાં હાસ્યે,

એક નિષ્કપટ હાસ્યનાં મૂલ્યે, હસી હસાવીને સર્વે ઘર વસતાં,
હાસ્યની પરંપરાએ, સમાજ પ્રગતિએ સુખી થઈને પ્રેમે વસતો,

વૃદ્ધત્વમાં હાસ્ય ભળે તો, ઉંમરનો ભાર ઓછો લાગેને હસતાં,
‘ઝરૂખો’ કહે હાસ્યનાં વિલયે, વૃદ્ધત્વનાં ઉભારે અશ્રુએ વસતા.

-દિલીપ સી. સોની ‘ઝરૂખો’ અમદાવાદ .

★★★★★★★

**NOGSS No.: 0141**
વિષય: ×એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય×
શીર્ષક: ×જણસ!×
પ્રકાર: પદ્ય / અછાંદસ સોનેટ.  શબ્દો: ૧૨૯.

મોટર નવી, જોઈ બોલેલો; એના જેવી લેવી‘તી!
બેટા રૂપિયા, મળેથી લૈશું; હૈયાધારણ આપી‘તી!

દોડ્યો એતો, અજીબ ત્વરાથી; રો રહો એવું કીધું!
નિષ્કપટ ભાવે, સઘળું એનું; હાથમાં થમાવી દીધું!

દાદા માલી, પાચે પઈચા જે; ચે તે બધા જોઈલો!
લો આ પાતિત, માલું એમાં; ઘના લૂપિયા તે લૈલો!

ભેટ મળતાં, સિક્કા નોટો; એ હસતાં ઝુંટવી લેતો!
એવું એનાજ, નિર્મળ હાસ્યનું; મૂલ્ય એમ કમાતો!

છાનો માનો, કરતો પ્રવૃત્તિ; જોઈ લેતાં ચૂપ થાતો!
ઊંડા ખૂણે, તિજોરી નજીક; વાર ક્યારેક સંતાતો!
આંખો એની, ખૂબ હૃદયંગમ; ભીતર શું શુય હશે?
નાનો એવો, બાળ વ્હાલુડો; કેવોક હરખાતો હશે?
પાકીટ લઈને, મૂક્યું પિતાએ; સાચવી તિજોરીમાં!
સૌ પ્રથમ, એ જણસ આપવી; ડીલરને બુકિંગમાં!

રચયિતાનું નામ: રસિક વ. પરમાર, ×૨૪× ગામ: વસાઈ-ફિંચાલ (ઉ.ગુ.)

★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - એક નિષ્કપટ હાસ્યનું મૂલ્ય.
શીર્ષક - ગરીબનું હાસ્ય
પ્રકાર - પદ્ય, શબ્દ - ૮૨
........................................
જે ભેળસેળ વિનાનું નિર્દોષ હોય,
જેમાં કોઈ પણ જાતની મિલાવટ ના હોય,
નાના બાળનું હાસ્ય જાણે ,
ટેન્શન યુક્ત જીવન મહીં હોય...!

નિર્દોષ, સ્વાભાવિક શુદ્ધ હાસ્ય ખોવાયું ,
અમૂલ્ય હાસ્ય એ તો,
કિંમત ચૂકવી પડતી નથી,
ઉંચું અપ્રાપ્યત છે...!

ગરીબીમાં પન મન ભરીને ખરખડાટ હસી શકવું,
હોય જો કોઈ પણ ટેન્શન પચાવી જવાય ,
હસતાં હસતાં જીવી લેવાય ,
એ નિખાલસ  હાસ્યને ગરીબી ના નડે ...!

એ સૌને મળતું નથી નસીબથી,
એને ક્યારેય ગરીબી નડતી જ નથી,
હંમેશા જાહોજહાલીથી
એ જ રહે છે ,
અમીરોને નથી મળતી ...!

એ તો ખડખડાટ હાસ્ય કેવું..?
ને હૃદય છલકાઈ જાય પ્યારમાં,
નિર્દોષ  આંખમાં દેખાય એતો, હસીને બીજાને હસાવે...!
રાગિની શુક્લ ‘રાગ‘ મુંબઈ .

# બોટાદ કૃષિ સહકારી કર્મચારી યુનિયન બોટાદ તાલુકા દ્વારા અધિક કલેકટર શ્રી ને ખેડૂતો ને સહાય માટે આવેદન



ખેડૂતો ના પ્રશ્નો માટે સતત જાગૃત શ્રી બોટાદ કૃષિ સહકારી કર્મચારી યુનિયન બોટાદ તાલુકા દ્વારા રાજયભરમાં આવેલ વરસાદથી ખેતરોમાં પાણી ભરાઈ જતા કપાસ, મગફળી, તલ,મકાઈ, મગ, અડદ,અને અન્ય તમામ પાકો સંપૂર્ણપણે નાશ પામ્યા છે.ખેડૂતોના ખેતર પણ ધોવાઈ ગયેલ છે ત્યારે બોટાદ જિલ્લાના ખેડૂતોએ ભોગવેલ પાકના નુકસાન અંગે તાત્કાલિક રાહત સહાય આપવા તથા દેવા માફી કરવા અંગે અધિક કલેક્ટર શ્રી ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં કોઈપણ સર્વેની રાહ જોયા વગર તાત્કાલિક તમામ ખેડૂતોને સિદ્ધિ સહાય જાહેર કરી અને દેવા માફ કરવા  અને ખેડૂતો પર આવી પડેલ આફતમાંથી બહાર કાઢવા જણાવ્યું હતું ખુબ જ મોટી સંખ્યામાં મંડળીના મંત્રીશ્રી હાજર રહ્યા હતા તેમજ સહકાર ભારતી બોટાદ જીલ્લો તથા કિસાન હિત રક્ષક સમિતિ બોટાદ દ્વારા પણ આવેદન પત્ર આપવામાં આવેલ

# ગાંધીનગરમાં પુસ્તક વાંચનારા ઘણા ભાવકો છે...પુસ્તક પરબમાં ઉત્સાહથી પુસ્તકપ્રેમીઓ જોડાયા

ગાંધીનગરમાં છેલ્લાં બાર વર્ષથી દર મહિનાના પહેલા રવિવારે નિ:શુલ્ક પુસ્તક પરબ યોજવામાં આવે છે. માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા આ પરબ યોજાય છે. મોબાઈલ ફોન, ટીવી, આળસ છોડીને પુસ્તકપ્રેમીઓ અચૂક પુસ્તક પરબની મુલાકાત લેતા હોય છે. નિયમિત મુલાકાતીઓ તો ખરા જ, એ ઉપરાંત યુવા યુવતીઓ અને નવા મુલાકાતીઓ પણ પરબમાં આવે છે. નવેમ્બર મહિનાની પુસ્તક પરબમાં એક બહેન કલોલથી ખાસ આવ્યાં હતાં અને પોતાની પસંદગીના પુસ્તક ભેટમાં લઈ ગયા હતા. દિવાળી, બેસતા વર્ષ પહેલાંની આ પ્રથમ પરબ હોઈ સહુ મુલાકાતીઓનું મીઠાઈ અને ચોકલેટથી મોં મીઠું કરાયું હતું. નવેમ્બર માસની પુસ્તક પરબમાં ૧૭૨ પુસ્તકો અને ૬૦ સામયિકો ભેટ રૂપે વાચકો લઈ ગયા હતા, જ્યારે પુસ્તક દાતાઓ તરફથી ૪૭૯ પુસ્તકો અને ૨૮ સામયિકો પરબને ભેટમાં મળ્યાં હતાં. અસ્મિતાબેન દવે તરફથી એમણે જાતે બનાવેલી કાપડની થેલીનું વાચકોને વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૫૦ થી વધુ મુલાકાતીઓએ પરબની મુલાકાત લીધી હતી. ઘણા મિત્રો માટે પરબ એક મુલાકાતનું, વાતના વિસામા જેવું સ્થળ બન્યું છે. પુસ્તક પરબ ટીમના પ્રજ્ઞાબેન પટેલ, રણછોડભાઈ પરમાર, વિષ્ણુસિંહ ચાવડા, તરુણભાઈ શુક્લ, શંકરભાઈ ચૌહાણ, ગજેન્દ્રસિંહ વાઘેલા, અજયભાઈ પરમાર, ભાવનાબેન રામી, સમીર રામી, અજય ઉપાધ્યાય, એન.પી.થાનકી, મિલનભાઈ, કે.કે. પટેલ, વગેરેએ સહયોગ આપ્યો હતો.

# વડોદરામાં આર.વી.દેસાઈ રોડ પર દૂષિત પાણીની સમસ્યાથી રહીશોમાં આક્રોશ



વડોદરા શહેરના આર.વી.દેસાઈ રોડ પરની કેટલીક સોસાયટીઓમાં દૂષિત પાણીને લઈને રહીશોએ કોર્પોરેશનની કામગીરી સામે સવાલો ઉઠાવી આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

વડોદરા મ્યુ. કોર્પોરેશનના વોર્ડ નં.૧૩માં સમાવિષ્ટ આર.વી.દેસાઈ રોડ પર આવેલી ગોયાગેટ સોસાયટી, નવકાર ડુપ્લેક્સ, ત્રિમૂર્તિ બંગ્લોઝ, શક્તિ એપાર્ટમેન્ટ સહિતના વિસ્તારોમાં દૂષિત પાણીની સમસ્યા સામે આવી છે. આજે દૂષિત પાણીની સમસ્યાથી ત્રસ્ત ત્રિમૂર્તિ બંગ્લોઝના રહીશોએ કોંગી કાઉન્સિલરની ઉપસ્થિતિમાં જીવાતવાળા દુર્ગંધ યુક્ત દૂષિત પાણીની ભરેલી ડોલ સાથે તંત્ર સામે આક્રોશ દર્શાવ્યો હતો. રહીશોનું કહેવું છે કે, છેલ્લા ઘણા દિવસોથી વિસ્તારમાં દૂષિત પાણીની સમસ્યા છે. કોર્પોરેશનના અધિકારીઓ અને હોદ્દેદારોને અગાઉ અનેક રજૂઆત કરી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવી રહ્યો નથી. સમયસર વેરો ચૂકવ્યા બાદ દૂષિત પાણી આવવાથી ઘરના ટાંકાઓ સાફ કરાવવા પૈસા ચૂકવવા પડે છે. અને દૂષિત પાણી આવતું હોવાથી પાણી ખરીદવાની નોબત આવે છે. વહેલી તકે સમસ્યાનો ઉકેલ નહી આવે તો ચૂંટણીનો બહિષ્કાર કરીશું. આ ઉપરાંત વિસ્તારમાં આડેધડ ખોદકામ થતાં બીજી સમસ્યાઓ ઊભી થાય છે. કોંગી કાઉન્સિલરનું કહેવું છે કે, મેન હોલમાં ડ્રેનેજના પાણી ભરેલા છે. લાલબાગ પંપીગ સ્ટેશનનો કુવો ૨૨ ફૂટ જેટલો ભરેલો છે. પંપીગ સ્ટેશનના પંપ યોગ્ય કામ કરી રહ્યા ન હોય જેના કારણે સમસ્યા વકરી હોવાનું જણાય છે.

# વડોદરામાં ૧૦૦થી વધુ વયના વૃદ્ધોનું ઘરે-ઘરે જઇને આધારકાર્ડ વેરિફિકેશન કરાશે, ડેટાનો દુરુપયોગ અટકાવવા નિર્ણય

મૃત વ્યક્તિના આધારકાર્ડનો દૂરપયોગ ન થાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦થી વધુ વયના વૃદ્ધોનું ઘરે ઘરે જઈને આધારકાર્ડનું વેરિફિકેશન કરવાની સૂચના અંતર્ગત વડોદરા મ્યુ. કોર્પોરેશન દ્વારા ૧૦૦થી વધુ વયના વૃદ્ધોનું ઘરે-ઘરે જઇને આધારકાર્ડ વેરિફિકેશન કરાશે.

વડોદરા સહિતના વિવિધ શહેરો અને તાલુકાઓ-જીલ્લાઓ અને ગામોમાં પણ આ વેરિફિકેશન પ્રક્રિયા શરૂ થશે. જેમાં શહેરી વિસ્તારોમાં મ્યુ.કોર્પોરેશનના કર્મચારીઓ દ્વારા અને ગ્રામ્ય વિસ્તારોમાં કલેકટર કચેરીના કર્મચારીઓ દ્વારા ૧૦૦થી વધુ વયની વ્યક્તિઓના ઘરે જઈને વેરિફિકેશન કરાશે. જો તે સરનામે તે વ્યક્તિ નહી રહેતા હોય તેની પણ વિગત નોંધવામા આવશે. જો ૧૦૦થી વધુ વયના કોઈ વૃદ્ધ મૃત્યુ પામ્યા હશે અને તેમનું આધારકાર્ડ ડેટામાં એક્ટીવ



હશે તો પરિવાર પાસેથી ડેથ સર્ટિફિકેટ લઈને ઓનલાઈન અપલોડ કરાશે અને આધારકાર્ડ રદ કરાશે. જેથી મૃત વ્યક્તિના આધારનંબર-કાર્ડનો અન્ય કોઈ પણ દ્વારા કોઈ પણ રીત દૂરુપયોગ ન થાય. આ અંગે મ્યુ. કોર્પોરેશનના સેન્સસ ઓફિસર સમીક જોશીનું કહેવું હતું કે, હાલ વડોદરામાં ૧૦૦ વર્ષથી વધુની ઉંમર ધરાવતા ૬૧ વ્યક્તિઓનું વેરિફિકેશન થશે. ત્યારબાદ તબક્કાવાર વધુ માહિતી મળતા વેરિફિકેશનની પ્રક્રિયા ચાલુ રહેશે. જેથી તેઓ હયાત છે કે નહી ? તે અંગેની પણ ખાતરી થશે. મ્યુ.કોર્પોરેશનની વસ્તી ગણતરી કચેરીના કર્મચારીઓની ૩ ટીમ વેરિફિકેશન માટે જશે. લેભાગુ તત્વો સક્રિય ન થાય તે માટે નાગરિકોએ સર્વે માટે ઘરે આવનાર વ્યક્તિની આઈડેન્ટી ચકાસવી જરૂરી છે. ડેથ સર્ટિફિકેટનો ખોટો ઉપયોગ અટકાવવા સરકારનો આ પ્રયાસ છે.

# ડાંગ જિલ્લામાં પાક નુકસાની અંગે તમામ ૩૧૦ ગામોમાં ૧૦૦ ટીમો સહિત અધિકારીશ્રીઓ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ



આહવા: તાં : ૩: રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના કૃષિ પાકને થયેલા વ્યાપક નુકસાનની સ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા તાત્કાલિક સર્વે અને પંચ રોજકામ કરવાની સૂચના આપવામાં આવી હતી. આ સ્થિતિમાં ડાંગ જિલ્લામાં અસરગ્રસ્ત ગામોમાં ડાંગર, નાગલી, કઠોળ વગેરેની ખેતીને નુકસાની થઈ છે.

ડાંગ જિલ્લા વહીવટી તંત્રની ટીમ દ્વારા કુલ ૧૦૦ ટીમો તેમજ ખેતીવાડી અધિકારીશ્રીઓ દ્વારા જાત મુલાકાત લઇ તમામ ૩૧૧ ગામડાઓમા પાક નુકસાની અંગે સર્વેની કામગીરી હાથ ઘરવામાં આવી છે. ખેતીવાડી વિભાગના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓની ટીમ નુકસાનીનો રિપોર્ટ તૈયાર કરવા માટે કાળજીપૂર્વક કામગીરી કરી રહી છે. આમ જિલ્લાના તમામ ગામોમાં પાક નુકસાનીના સર્વેની કામગરી પૂર્ણ કરવા માટે તમામ ટીમો સજ્જ બની છે.જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી બાલુભાઈ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લામાં કુલ ૫૭,૫૫૧ હેક્ટર વાવેતરનો વિસ્તાર છે. જેમાં ૩૦૮૭૦ હેક્ટર વિસ્તારમાં ડાંગરનું વાવેતર કરવામાં આવેલ છે. પાક નુકસાની અંગે પ્રાથમિક સર્વેની કામગીરી હાથ ધરતાં કુલ ૩૪૬૬ ખેડુતોનું ૩૦૩૬ હેક્ટર વિસ્તારમાં ડાંગર નુકસાની અંગેનો સર્વે રિપોર્ટ મળેલ છે. અને સર્વેની કામગીરી હાલમાં ચાલું છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લામાં કુલ ૧૦૦ ટીમો દ્વારા ૩૧૦ ગામના ચારે દિશામાં આવેલા ખેતરોની મુલાકાત લઈ અને પંચરોજ કામના આધારે પાક નુકસાનીનો અંદાજ મેળવવામાં આવી રહ્યો છે. જેના આધારે પંચરોજ કામ કરીને સર્વેની કામગીરી કરવામાં આવી છે. તેમજ કામગીરી પુર્ણ થયે સંકલિત અહેવાલ રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે.હાલ સર્વે માટેની ટીમો સતત ગ્રામ્ય કક્ષાએ ફિલ્ડ મુલાકાત લઈને નુકસાનીના સર્વેની કામગીરી કરી રહી છે. ગ્રામ્ય રિપોર્ટના આધારે તાલુકા કક્ષાએ પણ ઝડપી કાર્યવાહી શરૂ છે. ત્યારે જિલ્લામાં હાલ કરવામાં આવી રહેલી કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરતા ડાંગ જિલ્લાના આહવા તાલુકાના મહાલપાડા ગામના ખેડૂત શ્રી તુળશીરામભાઇ દેશમુખે જણાવ્યું હતું કે, તેઓ કુલ ૧૦ હેક્ટર વિસ્તારમાં ડાંગર, નાગલી, મગફળી તેમજ કઠોળ પાકની ખેતી કરી છે. જેમાં ડાંગરના પાકને મોટાપાયે નુકસાન થયું છે. ડાંગર પાકને નુકસાન થતાં તેઓને પાક માંથી આવક મળવાની શક્યતા ઓછી જણાઇ રહી છે. પરંતુ ખેતીવાડી અધિકારીશ્રીઓ દ્વારા ખેતરના પાક નુકસાની અંગે સર્વેની કામગીરી કરવામાં આવી છે જેથી તેઓને સરકારશ્રી પાસેથી તુરંત સહાયની ખાતરી મળતા ચિંતા હળવી થઈ છે તેમ તેઓએ વધુમાં જણાવ્યું હતું.વધુ એક ખેડુત શ્રી અમ્રતભાઈ એ જણાવ્યું હતું કે, ડાંગરના પાકને મોટા પાયે નુકસાન થયું છે



સાપુતારા ટેબલ પોઈન્ટ મહારાષ્ટ્રની હદમાં માં જે આશરે છ વાગ્યાના અરસામાં એક પાઈલટ દારા વરસાદી વાતાવરણ અને હવામાન વિભાગ ની આગાહી હોવા છતા સાપુતારા મા ચાલી રહેલ પેરાગ્લાઇડિગ મા જાનહાનિ થતા મોટી ઘટના ટળી સાપુતારા ખાતે પેરાગ્લાઈડીગ માં અવારનવાર અકસ્માતની ઘટના બની હોવા છતા સાપુતારા નોટીફાઇડ એરિયા દારા કોઇ કર્યા વહી નથી આજરોજ ટેબલ પોઈન્ટ મહારાષ્ટ્રની હદમાં માંથી એક બિન અણુ ભાવિ પાઇલટ દારા અસરે ઉમર લાઈક ૭૫ વરસ ની ઉર્દુ ને હવા નો દભાવ વધી જતા પેરાશૂટ રિવસ બેકફ્લાઇ થઈ જતા આશરે ટેબલ પોઈન્ટ વ્યતિ હોટલ અને સાપુતારા રોપવેના ઉપરથી અને સર્પ ગંગા તળવા ઉપરથી ઈલેક્ટ્રિક લાઇન તેમજ સાપુતારા સરકલ ની બાજુ માં મ્યુઝિયમ માં ઈમરજન્સી ઉતરવામાં આવ્યું હતું જયારે સાપુતારા મા ચલાવી રહેલા પેરગ્લેડિગ કંપની દોડધામ મચી જવા પામી હતી આ કંપની દારા માત્ર પૈસા કમાવા માટે અને સાપુતારા મા આવનાર પ્રવાસી ના જીવ જોખમ મૂકવા માં આવે છે જેનો કારણ નોટીફાઇડ એરિયા જવાબ દર છે જ્યારે પેરગ્લેડિગ ના ની નિયમો ખબર ન રહેતા આવી અકસ્માત ની ઘટનાઓ બની રહી છે અને આ પાઈલટ દારા એવા અનેક અકસ્માત કરવામાં આવ્યા છે જેમાં ટેબલ પોઈન્ટ મહારાષ્ટ્રની હદમાં ૧૦૯ કમ્પારમેટ માં નાસિક ના પાઇલટ સાથે અકસ્માત થતા આજ પાયલટ નો પગ તુટીગાઈ હતો તૈયાર બાદ આજ પાયલટ દારા જેને મંદિર પાસે પ્રવાસી ના પગ તોડી નાખતા માં આવ્યો હતોં સાતા પણ કોઈ કર્યા વહી કરવા માં આવી નથી

# લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના પરિવારજનોએ ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ નિમત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથે કરી શુભેચ્છા મુલાકાત







ગાંધીનગર, ૦૩ નવેમ્બર, ૨૦૨૫: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગત ગુરૂવારે એટલે કે ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ગુજરાતમાં એકતા નગર ખાતે ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના પરિવારજનો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૩૧ ઓક્ટોબરના રોજ સરદાર પટેલ જયંતી નિમિત્તે એકતા નગર ખાતે ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૧૫૦મી સરદાર પટેલ જયંતીના અવસરે સરદાર સાહેબના પરિવારજનો રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થવા માટે એકતા નગર પહોંચ્યા હતા, ત્યારે તેઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. આ ઉપરાંત, રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વસંધ્યાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ તેઓ સહભાગી થયા હતા અને વડાપ્રધાનશ્રી સાથે કાર્યક્રમ નિહાળ્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલના પૌત્ર શ્રી ગૌતમ ડાહ્યાભાઈ પટેલ (ઉંમર ૮૦ વર્ષ), તેમના પત્ની ડૉ. નંદિતા ગૌતમભાઈ પટેલ (ઉંમર ૭૯ વર્ષ), શ્રી ગૌતમભાઈના પુત્ર એટલે કે સરદાર સાહેબના પ્રપૌત્ર શ્રી કેદાર ગૌતમભાઈ પટેલ (ઉંમર ૪૭ વર્ષ), તેમના પત્ની શ્રીમતી રીના કેદાર પટેલ (ઉંમર ૪૭ વર્ષ) તેમજ કેદારભાઈ અને રીનાબેનની પુત્રી કુમારી કરીના કેદાર પટેલ (ઉંમર ૧૩ વર્ષ) રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થવા માટે એકતા નગર પહોંચ્યા હતા. આ ઉપરાંત, શ્રી ગૌતમ પટેલના પિતરાઈ શ્રી સમીર ઈન્દ્રકાંત પટેલ (ઉંમર ૬૮ વર્ષ) તથા તેમના પત્ની શ્રીમતી રીતા સમીર પટેલ (ઉંમર ૬૬ વર્ષ) પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ૩૦ ઓક્ટોબરના રોજ વડાપ્રધાનશ્રી મુલાકાત કરી હતી અને તેમની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ માણ્યો હતો. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સરદાર પટેલના પરિવારજનો રાષ્ટ્રિય એકતા દિવસની ભવ્ય ઉજવણીમાં સહભાગી થયા હતા.

સરદાર સાહેબના પરિવારજનોએ ૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. પ્રતિમાને નિહાળીને સરદાર સાહેબના પરિવારજનોએ ગૌરવની લાગણી અનુભવી હતી અને સરદાર સાહેબને આ રીતે અદ્ભુત શ્રદ્ધાંજલિ આપવા બદલ તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. સરદાર સાહેબના પૌત્ર શ્રી ગૌતમભાઈ પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વિઝિટર્સ બુકમાં અંગ્રેજી ભાષામાં શુભેચ્છા સંદેશ પણ લખ્યો છે, જેની નીચે તમામ પરિવારજનોએ સહી કરી છે. આ સંદેશ નીચે મુજબ છે:

“સ્ટેચ્યુ ઓફ યુનિટીની આ મુલાકાત ખરેખર પ્રેરણાદાયક રહી છે. આ પ્રતિમા એન્જિનિયરિંગ, ડિઝાઈન અને કન્સ્ટ્રક્શનનું અદ્ભુત પ્રદર્શન છે. હું અને મારો પરિવાર પીએમ મોદીજી અને સરદાર પટેલની આ શ્રદ્ધાંજલિને મૂર્તિમંત કરવામાં સંકળાયેલ પ્રત્યેક વ્યક્તિના ખૂબ ખૂબ આભારી છીએ. અહીં અમે વિવિધ સ્થળોની મુલાકાત લીધી તેમજ સરદાર સાહેબના જીવન અને તેમના જીવનઆદર્શોની અસરોના ઐતિહાસિક મહત્વ વિશે માહિતી મેળવી, જે અમારી યાદોમાં હંમેશાં જીવંત રહેશે. એકતા નગર ખાતે પ્રવાસન ક્ષેત્રમાં થયેલી પ્રગતિ તેમજ અહીંયા ચાલતી શૈક્ષણિક અને મનોરંજક પ્રવૃત્તિઓને જોઈને હું ખૂબ પ્રભાવિત થયો છું. ગુજરાત રાજ્ય એક સમૃદ્ધ ઈતિહાસ અને સંસ્કૃતિ ધરાવે છે, અને આવી એક જગ્યા હોવી જ જોઈએ જ્યાં તમે પ્રકૃતિ સાથે તલ્લીન થવાનો એક અદ્ભુત પ્રવાસન અનુભવ મળે.

અહીંયા જોવા અને જાણવા માટે ઘણુંબધું છે અને ટુંક સમયમાં અમે અહીંયા ફરીથી આવીશું. અમે પીએમ મોદીજી અને અહીંના તમામ લોકોનો તેમની સમર્પણ ભાવના માટે આભાર માનીએ છીએ, જેમણે વિશ્વને દર્શાવ્યું છે કે એક અખંડ ભારત શું કરી શકવા માટે સક્ષમ છે!”આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ તરફથી અધિક કલેક્ટર શ્રી ગોપાલ બામણીયાએ સરદાર સાહેબના વંશજોનું પ્રતિમાની પ્રતિકૃતિ આપીને સન્માન કર્યું હતું. સરદાર પટેલના વંશજોની ઉપસ્થિતિએ એકતા નગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ યાદગાર અને ઐતિહાસિક બનાવી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી દેશની એકતા, અખંડતા અને સંકલ્પનું પ્રતીક છે, અને ૧૫૦મી સરદાર પટેલ જન્મજયંતીની ઉજવણીના પ્રસંગે સરદાર સાહેબનો પરિવાર એકતા નગર ખાતે ઉપસ્થિત રહ્યો એ સ્વયં રાષ્ટ્રીય ગૌરવની ક્ષણ છે.

# ડાંગ: વઘઈ વસુંધરા શીત કેન્દ્રના ૪૦૭ ટેમ્પોના ટેન્ડરો ’શોભાના ગાંઠિયા’ સમાન? મોટા વાહનોના ટેન્ડર કરી નાના પીકઅપ વાહનોમાં દૂધની વાહતુકનું જોખમી કારનામું!



વઘઈ, ડાંગ: વલસાડ ડિસ્ટ્રિક્ટ કોર્પોરેટ વસુંધરા ડેરી આલીપોર સંચાલિત વઘઈ ખાતેના દૂધ શીત કેન્દ્રમાં દૂધ વાહતુક માટે બહાર પાડવામાં આવેલા ટેન્ડરોને લઈને ગંભીર વિવાદ સર્જાયો છે. ડેરી દ્વારા ૪૦૭ (મોટા ટેમ્પો) જેવા વાહનો માટેના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હોવા છતાં, વાસ્તવમાં આ ટેન્ડરો માત્ર ‘શોભાના ગાંઠિયા‘ સમાન હોવાનો અને ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાનો સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.

।મળતીયાઓને લાભ, નિયમોની ઐસીતૈસી!

પ્રાપ્ત માહિતી અનુસાર, વઘઈ શીત કેન્દ્ર દ્વારા ભલે ઊંચા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, પરંતુ અંતે કામગીરી જૂના અને જાણીતા મળતીયા કોન્ટ્રાક્ટરોને જ સોંપવામાં આવે છે, જેના કારણે આ કોન્ટ્રાક્ટરો દૂધ વાહતુકને પોતાની વ્યક્તિગત મિલકત હોય તેમ વર્તી રહ્યા છે.

સૌથી ગંભીર બાબત એ છે કે, વસુંધરા ડેરીએ દૂધ વાહતુક માટે ૪૦૭ ટેમ્પાનું ટેન્ડર બહાર પાડ્યું હોવા છતાં, હાલમાં માત્ર નાની બોલેરો પીકઅપ જેવી ગાડીઓનો જ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

।જોખમનો નજારો:

નાની ગાડીઓની પાછળની ખુલ્લી જગ્યામાં ડબ્બા ડબ્બા દૂધની કેનો ગીચોગીચ મુકીને વાહતુક કરવામાં આવે છે, જે માત્ર અસુરક્ષિત જ નહીં પરંતુ દૂધની ગુણવત્તા અને જાહેર જનતાની સલામતી સાથે પણ ચેડાં સમાન છે. આ રીતે, વઘઈ શીત કેન્દ્ર ડાંગ જિલ્લામાં ભ્રષ્ટાચારનું નવું સ્વરૂપ ધારણ કરી રહ્યું હોવાનું જણાય છે.

। જાનહાનિ થાય તો જવાબદારી કોની?

મોટા વાહનોનું ટેન્ડર કરી નાનાં અને અસુરક્ષિત વાહનોનો ભરપૂર ઉપયોગ કરવો એ સ્પષ્ટપણે નિયમોનું ઉલ્લંઘન છે. આ અસુરક્ષિત વાહતુક દરમિયાન જો કોઈ અકસ્માત સર્જાય અને જાનહાનિ થાય, તો તેની જવાબદારી કોની રહેશે, તે મોટો સવાલ છે.

સ્થાનિકોની માંગ છે કે:

★ વસુંધરા ડેરીના સંચાલક વઘઈ ખાતેના કનૈયા પટેલ અને સિનિયર ઓફિસર હેડ આ સમગ્ર ભ્રષ્ટાચાર અને અનિયમિતતાની જવાબદારી લેશે?

★ કે પછી આ ડેરી સંચાલકો માત્ર વાહન ચાલકો પર માથું ઝુકાવીને પોતાનો પલ્લો ઝાટકી નાખશે?

ડાંગ જિલ્લાના પ્રશાસન અને વસુંધરા ડેરીના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક આ બાબતે સઘન તપાસ હાથ ધરે અને નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કડકમાં કડક પગલાં ભરે, તેવી પ્રબળ લોકમાગ ઊભી થઈ છે.

# મોડાસા તાલુકાના રવિવારના રોજ યોજાયો

મોડાસા

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેડાસણ ગામે સત્સંગ રવિવારના રોજ ૨૦૧૯ મોડાસાના મેડાસણ ગામે આજે કોકરોલ ના સંત શિરોમણી નરસિંહ સત્સંગ કર્યો હતો ને તેમના સાનિધ્યમાં મેડાસણ ગામે હાઈસ્કુલ ના પ્રંટાગમા ભવ્ય ભવ્ય સત્સંગ કરવામાં આવ્યું હતું ને સંત તો મહંતો ને સાધુઓને આજુબાજુના પટેલ સમાજના ચૌધરી સમાજના મોટાભાગ ગામોના સજાપુર બામણવાડ રાયગઢ કુંજ ગડાદર મૌઉ ખેર ને મુનાઈ ભડીયાદરા અને ચોરીવાડ ને દૂર દૂરથી ભક્તો વડીલો મહિલાઓ ને યુવાનો બહેનો આ સત્સંગ મેળવવાનો લાભ લઇ નરસિંહ દાદાની રાજેન્દ્રનગર ભવનાથ મંદિરના સંત ભાઈ બહેન સાધુ સાધ્વી ને સંત ગોપાલદાસ ને ખેડવા દાદા ધોરા જેસીંગ બાપા બાવજી ની અમૃતવાણી ને સત્સંગ કર્યો હતો ને દરેક ભક્તોએ લાભ લીધો ધન્યતા અનુભવી હતી ને મિડાસણ ગામના તમામ ગામજનો ને પટેલ સ્વ વિરસંગ ભાઈ દલાભાઈ ના પુત્રો ધારા પ્રસાદીનું આયોજન કરીને મેળવવાનું



તેમના પરિવાર ધારા આયોજન કરવામાં આવ્યું ને મહાપ્રસાદી લેવડાવી હતી ને મેઘાસણ ગામના તમામ યુવાને ધારા ખડે પગે રહી સુંદર આયોજન કરી ભક્તોને સત્સંગ મેળવવાનો લાભ લઈ ભક્તિમય બન્યા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.